જેની પાસે ધૈર્ય રૂપી ધન નથી તે નિર્ધન જ છે
- લાભક

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૧૪ | ૩ જુલાઇ ૨૦૧૨, મંગળવાર, અષાઢ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

જિલ્લામાં ૨૯,૯૬૭ નવા મતદારોની અરજી

મતદાર યાદીમાં નામ દાખલ કરવા માટે સૌથી વધુ અરજીઓ માણસામાં મળી તો સૌથી ઓછી ગાંધીનગર(દ)માં મળી : ૨૩૦૦ મતદારો સ્થળાંતર કરી ગયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાની વિધાનસભાની પાંચ બેઠકો માટે ૨૮,૯૬૭ અરજદારોએ તેમના નામ મતદારયાદીમાં દાખલ કરવા માટેના દાવા તંત્ર સમક્ષ રજુ કર્યા છે.

જિલ્લામાં મતદારયાદી સુધારણા ઝુંબેશ દરમ્યાન આ અરજદારોએ તેમના દાવા રજુ કર્યા છે જ્યારે ૫૯૯૧ મતદારોએ તેમના નામ-અટક ઉંમરમાં સુધારા સૂચવતી રજૂઆતો કરી છે.

મળતી વિગતો પ્રમાણે ૩૯ હજાર જેટલી જુદી જુદી અરજીઓ તંત્રને મળી છે. જેમાં મતદારયાદીમાંથી નામ કમી કરવાની ૩૩૫૩ તેમજ સ્થળાંતર કરી ગયેલા મતદારોની સંખ્યા ૨૩૪૦ જેટલી થવા જાય છે.

તંત્રના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં સૌથી વધુ નવા નામ દાખલ કરવા માટેના દાવા માણસા વિધાનસભા મત વિસ્તારમાંથી મળ્યા છે. માણસા વિધાનસભા મતવિસ્તારની પેટા-ચૂંટણી તાજેતરમાં સંપન્ન થઈ હોવાથી ત્યાં જાગૃતિનું પ્રમાણ વધુ જોવા મળ્યું છે.

આ પછી બીજાક્રમે ગાંધીનગર (૬) વિધાનસભા મત વિસ્તાર આવે છે જ્યાંથી ૮૧૭૭ અરજદારોએ તેમની અરજીઓ રજુ કરી છે. સૌથી ઓછી અરજીઓ ગાંધીનગર(દ) માંથી રજુ થઈ છે. વિકાસ પામી રહેલા આ વિસ્તારમાંથી માત્ર ૨૧૦૦ જેટલી અરજીઓ મળી છે જેને લઈ તંત્રને પણ આશ્ચર્ય થયું છે. આ પછી દહેગામમાંથી ૩૦૦૮ અને કલોલમાંથી ૬૬૬૭ અરજીઓ નામ દાખલ કરવા માટેની મળી છે.

હવે તંત્ર દ્વારા નામ કમી કરવા માટેની અરજીઓ કરનારા અરજદારોની અરજી પર સુનાવણી કરશે. જિલ્લામાંથી ૨૩૦૦ જેટલા મતદારો સ્થળાંતર કરી ગયા છે. છેલ્લી મતદારયાદી સુધારણા દરમ્યાન સ્થળાંતરિત મતદારોની સંખ્યા સૌથી વધુ હતી જેને બદલે આ વખતે સૌથી ઓછી અરજીઓ સ્થળાંતરીત કરી ગયેલા મતદારોની મળી છે.

દરમ્યાન કેન્દ્રીય ચૂંટણી પંચ પણ આગામી સપ્તાહના આરંભે ગુજરાતના બે દિવસના પ્રવાસે આવી રહ્યુ હોવાથી પંચની મુલાકાત બાદ સુનાવણીની પ્રક્રિયા તંત્ર દ્વારા હાથ ધરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે. તંત્ર દ્વારા તો હાલ પંચની સૂચિત મુલાકાતને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

ગ્રામસભા અભિયાનમાં સરેરાશ એક પ્રશ્ન પણ રજૂ ન થતાં તંત્રમાં નિરાશા

૫૦ ટકા કરતાં વધુ પ્રશ્નો પડતર રહ્યા : સૌથી વધુ પ્રશ્નો દહેગામમાં રજૂ થયા : સૌથી ઓછા પ્રશ્નો માણસામાં રજૂ થયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં યોજાયેલ ગ્રામસભા અભિયાન અંતર્ગત ગ્રામસભા દીઠ એક પ્રશ્ન પણ રજુ થયો ન હોવાથી તંત્ર ચોંકી ઉઠ્યું છે. સમગ્ર અભિયાન દરમ્યાન માત્ર ૨૭૧ પ્રશ્નો રજુ થયા હતા જ્યારે જિલ્લામાં ૩૦૩ ગ્રામસભાઓ યોજાઈ છે.

જિલ્લામાં સંપન્ન થયેલ ગ્રામસભા અભિયાન પાંચ દિવસ ચાલ્યુ હતુ અને રોજની ૪૫ થી વધુ ગ્રામસભાઓ યોજવામાં આવી હતી. આ ગ્રામસભાઓમાં જિલ્લાના અધિકારીઓની હાજરી હતી આમ છતાં રજુ થયા હતા જે પૈકી ૮૯ પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ લાવવામાં તેઓ સફળ રહ્યા છે જ્યારે ૧૯૨ પ્રશ્નોનો નકારાત્મક ઉકેલ આવ્યો છે.

આ ગ્રામસભા અભિયાન દરમિયાન સૌથી વધુ પ્રશ્નો દહેગામ તાલુકામાં રજુ થયા હતા જે સંખ્યા ૮૪ જેટલી છે જ્યારે સૌથી ઓછા પ્રશ્નો માણસા તાલુકામાં રજુ થયા હતા જેની સંખ્યા ૫૫ જેટલી થવા જાય છે. કલોલ તાલુકામાં ૫૭ પ્રશ્નો તો ગાંધીનગરમાં ૭૫ પ્રશ્નો રજુ થયા હતા.

ગાંધીનગર તાલુકાના કોબા ગામની ગ્રામસભા ફોરમના અભાવે રદ કરવામાં આવી હતી પરંતુ અભિયાનના અંતિમ દિવસે તેનું આયોજન કરી તે યોજી દેવામાં આવી હોવાનું પણ જાણવા મળેલ છે.

ગ્રામસભા અભિયાનમાં આ વખતે સરકારે ગામની વસ્તી, નોંધાયેલા મતદારો, હાજર અધિકારીઓ-પદાધિકારીઓની સંખ્યા, બી.પી.એલ. પરિવારની હાજરી અને સંખ્યા સહિત ઘણી બધી ઝીણવટભરી હકીકતો અધિકારીઓ પાસેથી એકત્ર કરી છે.

રાજયમાં દર વર્ષે ચાર તબક્કામાં ગ્રામસભાઓ યોજવામાં આવે છે. જિલ્લાકક્ષાના આ અભિયાનમાં ગ્રામસભાનો સમય બપોરે ૧૨ વાગે અને ૩ વાગ્યાનો રાખવામાં આવ્યો હતો. જો કે ગ્રામસભામાં રજુ થયેલા પ્રશ્નોના ઉકેલમાં થઈ રહેલા વિલંબને કારણે હવે લોકોમાં ઉત્સાહ ઘટી રહ્યો છે. અગાઉના ૧૯ જેટલા તબક્કાની ગ્રામસભામાં રજુ થયેલા પ્રશ્નો પૈકી ૧૯૦૦ થી પણ વધુ પ્રશ્નો હજુ તંત્ર પાસે વણઉકલ્યા પડ્યા છે.

ગ્રામસભામાં રજુ થયેલા પ્રશ્નોની સરેરાશ પણ એ જ હકીકત દર્શાવે છે કે હવે પ્રશ્નો રજુ કરવામાં ગ્રામજનોને રસ રહ્યો નથી. ૫૦ ટકા કરતાં પણ વધુ પ્રશ્નો આ વેળાએ પણ પડતર રહેવા પામ્યા છે.

વર્ષાની ઋતુ આવી ગઈ છે, પણ વર્ષા આવવાનું નામ લેતી નથી. આગાહીઓ થાય છે, પવન ફૂંકાય છે ને વાદળોય બંધાય છે, પણ તેમ છતાં વરસાદ આવતો નથી. દિન-પ્રતિદિન વધી રહેલા બફારાથી રાહત મેળવવા હવે સૌ વરસાદની રાહ જોઈ રહ્યા છે. પરંતુ, વરસાદ છે કે આવવાનું નામ લેતો નથી. ઘણી વખત અચાનક હવામાન પલટાઈ જાય છે ને વરસાદ આવવાની આશા જાગે છે, પણ એ છેવટે નિરાશામાં જ પલટાય છે. (તસવીર : દિપક જાની)

વરસાદમાં વિલંબ થઈ રહ્યો છે ત્યારે છત્રીનુ વેચાણ કરતા વેપારીઓ પણ નિરાશ દેખાઈ રહ્યા છે કારણ કે છત્રીની ખરીદીમા તેજી આવી નથી

શેરથા પાસે પોલીસ અને ગૌરક્ષકો વચ્ચે ઘર્ષણ

ગાયો ભરેલી ટ્રક સહીત બે ઝડપાયા : એક ગાય મૃત હાલતમાં મળી

પોલીસની કામગીરી શંકાસ્પદ, અમને લાઠીઓ મારી : ગૌરક્ષકો

પોલીસ અને ગૌરક્ષકો વચ્ચે ગેરસમજ થઈ છે, યોગ્ય તપાસ થશે : ડી.વાય.એસ.પી. ઉષા રાડા

ગાંધીનગર, તા. ૨

શેરથા નજીકના વિસ્તારમાંથી આજે બપોરે ગાયો ભરી કતલખાને લઈ જવાતી ટ્રક ઝડપી લેવાઈ છે. અડાલજ પોલીસે ટ્રકના ડ્રાઈવર અને કલીનર સહીત બે શખ્સોની ધરપકડ કરી પૂછતાછ હાથ ધરી છે. બીજી તરફ બાતમીના આધારે સ્થળ પર પહોંચેલા ગૌરક્ષકોને આ મામલે પોલીસની કામગીરી શંકાસ્પદ માલુમ પડતા પોલીસ અને ગૌરક્ષકો વચ્ચે ઘર્ષણ થયું હોવાનો પણ સૂર ઉઠવા પામ્યો છે. આ દરમિયાન પોલીસે બેરહેમીપૂર્વક દંડાવાળી કરી એક વ્યકિતને માર માર્યો હોવાનો ઉગ્ર આક્રોશ માલધારી અગ્રણીઓએ વ્યકત કર્યો છે.

પ્રાપ્ય માહીતી અનુસાર શેરથા ગામ પાસેથી ગાયો ભરેલી ટ્રક પસાર થવાની હોવાની બાતમી સ્થાનિક માલધારીઓને મળતા આજે ગૌરક્ષકોએ સ્થળ પર વોચ ગોઠવી હતી. આ દરમિયાન ગાયો ભરેલી એક ટ્રક ઝડપાતા આ મામલે અડાલજ પોલીસને જાણ કરવામાં આવી હતી. આ તબક્કે કોઈ કારણોસર પોલીસ અને ગૌરક્ષકો વચ્ચે ઘર્ષણ થતા પોલીસે ગૌરક્ષકો સામે લાઠીચાર્જ કર્યો હોવાનો આક્રોશ ગૌરક્ષક આગેવાનોએ વ્યકત કર્યો છે. આ દરમિયાન બળદેવભાઈ હરીભાઈ રબારી નામના વ્યકિતને પોલીસે માર મારતા તેમને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જયારે સિવિલ હોસ્પિટલમાં પણ એકત્રિત થયેલા માલધારી સમાજના આગેવાનોએ પોલીસની નિર્દયી વર્તણૂંક અને શંકાસ્પદ કામગીરી સામે આક્રોશ વ્યકત કર્યો હતો. આગેવાનોએ ડી.વાય.એસ.પી. ઉષા રાડા સમક્ષ જવાબદાર પોલીસ અધિકારી સામે પણ ફરિયાદ દાખલ કરવા ઉગ્ર માંગ કરી હતી. આ તબક્કે ડી.વાય.એસ.પી. ઉષા રાડાએ જણાવ્યું હતુંકે ગૌરક્ષકોને પોલીસ વચ્ચે ગેરસમજ ઉભી થઈ છે આ મામલે પૂરી તપાસ કરવામાં આવશે. ત્યારબાદ જરૂર જણાય તો જવાબદાર સામે કાર્યવાહી કરાશે.

પોલીસે ગાયો ભરેલી ટ્રક સાથે બાડમાર જિલ્લાના કબીરખાન ચુવાળા તેમજ બબલુખાન કતુખાન પઠાણની ધરપકડ કરી છે. ટ્રકમાંથી ૧૨ ગાયો, ૧ વાછરડું ઉપરાંત ૧ ગાય મૃત હાલતમાં મળી છે. ગાયોને પાંજરાપોળ મોકલી દેવામાં આવી છે. અડાલજ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટર એમ.આર. કુવાડીયાએ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં વરસાદ

ગોંડલમાં ત્રણ, રાજકોટ-ઘોઘામાં બે ઈંચ વરસાદ : સૌથી વધુ ગરમી ઈડરમાં ૩૭.૭ અને અમદાવાદમાં ૩૬ ડિગ્રી

અમદાવાદ, તા. ૨

ગુજરાતના ૧૫ તાલુકાના આજે નોંધપાત્ર વરસાદ પડ્યો હતો. જેમાં ગોંડલમાં ૩ ઈંચ અને રાજકોટ-ઘોઘામાં ૨ ઈંચ વરસાદનો સમાવેશ થાય છે. જો કે અમદાવાદમાં વરસાદ પડ્યો ન હતો. રાજ્યમાં સૌથી વધુ ગરમી ઈડરમાં ૩૭.૭ ડિગ્રી નોંધાઈ હતી. રાજ્યમાં ચોમાસાની મોસમનો ધીમેધીમે પ્રારંભ થયો છે. છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન સૌરાષ્ટ્રના રાજકોટ જિલ્લાના ગોંડલમાં ૭૦ મી.મી. એટલે કે ત્રણ ઈંચ જેટલો જ્યારે રાજકોટ જિલ્લાના રાજકોટ ૫૬ મીમી અને ભાવનગર જિલ્લાના ઘોઘામાં ૫૫ મીમી. એટલે કે બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. રાજ્યના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે સવારે ૭.૦૦ કલાકે પૂરા થતા ચોવીસ કલાક દરમિયાન રેડિયાપાડા, પલસાણા, સુરત શહેર, વાંસદા, ધરમપુર અને કપરાડા મળી કુલ-૬ તાલુકામાં એક ઈંચથી વધુ જ્યારે છોટાઉદેપુર, અંકલેશ્વર, હાંસોટ, સાગબારા, પારડી અને ડાંગ મળી કુલ-૬ તાલુકામાં અડધો ઈંચ કરતાં વધુ પાણી પડ્યું હોવાના અહેવાલો છે. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે અમદાવાદમાં આકાશ વાદળછાયુ રહેશે અને સાંજે કે રાત્રે ગાજવીજ સાથે વરસાદનું એકાદ ઝાપટુ પડવાની શક્યતા છે. જ્યારે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં કેટલાક સ્થળોએ વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડવાની શક્યતા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૬.૦ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૮.૨ ડીગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૭૫ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૫૫ ટકા નોંધાયુ હતું. રાજયમાં મહત્તમ તાપમાન વડોદરામાં ૩૭.૦, સુરતમાં ૩૩.૦, રાજકોટ ૩૪.૭, ડીસામાં ૩૭.૬, ગાંધીનગર ૩૫.૫ ડિગ્રી નોંધાયું હતું.

પ્રણવ મુખરજી ગુરૂવારે અમદાવાદની મુલાકાતે

અમદાવાદ, તા. ૨

ભારતની રાષ્ટ્રપતિની ચૂંટણી આગામી તા. ૧૯મી જુલાઈને ગુરૂવારના રોજ યોજાશે. આ ચૂંટણીમાં યુપીએના ઉમેદવાર તરીકે કોંગ્રેસના દિગ્ગજ ગણાતા અગ્રણી પ્રણવ મુખર્જીએ ઝંપલાવ્યું છે. પ્રણવ મુખર્જીને યુપીએ સિવાયના પક્ષોએ પણ સમર્થન આપ્યું છે. અને તેમની જીત નિશ્ચિત માનવામાં આવે છે. છતાં પ્રણવ મુખર્જી પોતાના પ્રચાર માટે દેશભરમાં પ્રવાસ કરી રહ્યા છે. અને આગામી તા. ૫મી જુલાઈના રોજ પ્રણવ અમદાવાદની મુલાકાતે આવી રહ્યા છે. આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળ્યા મુજબ યુપીએના રાષ્ટ્રપતિપદના ઉમેદવાર પ્રણવ મુખર્જી આગામી તા. ૫મી જુલાને ગુરૂવારે અમદાવાદની મુલાકાતે આવી રહ્યા છે. અમદાવાદની મુલાકાત દરમિયાન તેઓ પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય રાજીવ ગાંધી ભવનની બપોરે ૨ વાગ્યે મુલાકાત લેશે. જ્યાં કોંગ્રેસના ધારાસભ્યો અને સાંસદોને મળશે અને સભાને સંબોધન કરશે ત્યાર બાદ ગાંધીઆશ્રમ અને સરદાર પટેલ સ્મારક ભવનની પણ મુલાકાત લે તેવી શક્યતા છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર અને સીમી જુના અને ભાવીક
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT BIRLA TYRES
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યુબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૯૦, બિલકર્મા સોર્યોગ સેન્ટર, સરકારી સાઈટોની બાજુમાં, સેક્ટર-૧૧, ગાંધીનગર.
ફોન : (ઘ.) ૨૩૨૧૧૬૩, ૩૨૦૬૫૨૨, ૨૩૨૩૦૪૫, મો. : ૯૪૨૬૫ ૭૭૫૨,

સબકા માલિક એક
શ્રદ્ધા | સબુરી



શ્રી ઝુલેલાલ - સાંઈબાબા મંદિર સેક્ટર-૩૦ ખાતે તા. ૩-૭-૨૦૧૨, મંગળવારના રોજ દ્વિતિય ગુરૂપૂર્ણિમાના પાવન પર્વ નિમિત્તે સવારે ૫-૦૦ કલાકથી પાઠ પૂજા, અને ૮-૦૦ કલાકથી પાદુકા પૂજન, બપોરે ૧૨-૦૦ કલાકે મધ્યાહન આરતી કરવામાં આવશે. સાંજે ૫-૦૦ કલાકે ૧૦૮ દીવડાની મહાઆરતી થશે અને ત્યારબાદ સાંજે ૬-૦૦ કલાકથી ૯-૦૦ કલાક સુધી ભોજન પ્રસાદની વ્યવસ્થા છે. સર્વે ધર્મ પ્રેમીઓને આ શુભ પ્રસંગનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે.

આમંત્રક
લાલચંદ પી. ગોપાલાણી
પ્રમુખ, સિંધી પંચાયત, ગાંધીનગર

જાહેર આમંત્રણ
ગુરૂપૂર્ણિમા નિમિત્તે સર્વે સાંઈ ભક્તોને "સાંઈપ્રસાદ" લેવા આમંત્રણ
તા. ૩-૭-૨૦૧૨, મંગળવાર ● સમય : સાંજે ૬-૩૦ થી ૭-૩૦ સુધી
આયોજક : શ્રી સાંઈ જન કલ્યાણ સેવા ટ્રસ્ટ
સ્થાપના : તા. ૯-૫-૨૦૧૧, પબ્લીક ટ્રસ્ટ રજી. નં. ઈ/૧૬૫૧
મો. ૯૮૨૪૪ ૦૭૮૮૪
ગીરીશ જે. પટેલ (એ.બી. એન્જીનીયર્સ) | ગૌરવ જી. પટેલ (ઓસ્ટ્રેલીયા)
મયુર જી. પટેલ (ઉપપ્રમુખ વોર્ડ નં. 4, BJP) | ગૌરાંગ બી. પટેલ (એસ્ટેલ - ટેરેટરી મેનેજર)
વિપુલભાઈ આર. પટેલ (ડાયરેક્ટર (પૂર્વ M.D.) ગાંધીનગર નાગ. કો.ઓ.બેંક લિ.) | પરિક્ષીતસિંહ જે. ચુડાસમા (આર. વર્લ્ડ)
સ્થળ :
હીરો મોટો કોર્પ. કંપની ઓથો.
મયુર ઓટોમોબાઈલ્સ
મો. ૯૮૨૪૫ ૭૭૮૮૪
ઉમિયા કોમ્પલેક્ષ, સ્વામિનિરાયણ ધામની બાજુમાં, કુડાસણ, ગાંધીનગર